

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## આપણી વાત

મે મહિનાની સખત ગરમીમાં પણ સાહિત્યની પ્રવૃત્તિ એવી ને એવી જ રહે છે. આ કાળઝાળ ગરમીમાં પણ વ્યવસાયી સંસ્થા ઓમ કોમ્યુનિકેશન વિશ્વ પુસ્તક દિન નિમિત્તે કાર્યક્રમ કરીને નોબેલ પારિતોષિકવિજેતા માર્ક્વેઝને અંજલી આપી છે. ઈશ્વર પેટલીકરના જન્મદિન નિમિત્તે સાહિત્ય અકાદમી, ગાંધીનગરની સહાયથી એક પરિસંવાદનું આયોજન કર્યું હતું. પરિષદ અંતર્ગત ચાલતી એની સરૈયા પ્રોત્સાહન લેખનનિધિ ઉપક્રમે આવી બળબળતી બપોરે ૩૮ બહેનોએ વિવિધ જૂથમાં વાર્તાપઠન કર્યું અને તેના વિશે ચર્ચા કરી. પરિષદની ભાષાસાહિત્યના વિકાસની પ્રવૃત્તિમાં આ પ્રવૃત્તિ ભવિષ્યમાં એક અલગ પ્રકારની લેખિકાથી સમૃદ્ધ થશે. આના અનુસંધાને રાજસોભાગ આશ્રમ, સાયલાના નિમંત્રણથી લેખિકાઓ માટે વાર્તાશિબિરનું પણ આયોજન ગોઠવાયું છે. પરિષદ દ્વારા ગુજરાત નાટ્ય-સંગીત અકાદમીના ઉપક્રમે અભિનયસમ્રાટ 'પોરહાવાળાની વાર્તા', ઝવેરચંદ મેઘાણી કૃત 'રતન ગિયું રોળ'નું દૃશ્ય-શ્રાવ્ય દ્વારા એકપાત્રીય મંચન કર્યું ત્યારે રા. વિ. પાઠક હૉલ ખીચોખીચ ભરાયેલો હતો. મેઘાણીની આ કથાનું ઉપેન્દ્ર ત્રિવેદીએ અભિનય સાથે કથન કરી શ્રોતાઓને ખુશખુશાલ કરી દીધા હતા. જીવનના સાડાસાત દાયકા વિતાવી ચૂકેલા આ કલાકારે એવી સરસ રીતે આ સાહિત્યિક કૃતિનું મંચન કર્યું કે સહુને પરિતોષ થયો. મેઘાણીની મૂળ કથા કરતાં ઉપેન્દ્ર ત્રિવેદીનો અંત જુદો હતો અને એ ઉપેન્દ્ર ત્રિવેદીની સર્જકતાને પણ નિર્દેશે છે. પરિષદ આ કાર્યક્રમથી પ્રજા સુધી પહોંચી છે.

ગુજરાતી ભાષાના સમર્થ કવિ રમેશ પારેખ એમની કવિતાથી સમગ્ર ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. એમની કવિતામાં આવતાં પાત્રો ગુજરાતના કાવ્યરસિકોને સતત આકર્ષતી રહી છે. ૩૧મી મેના રોજ વાર્તાકાર વિવેચક ગુણવંત વ્યાસે 'રમેશકથા'ની અભિવ્યક્તિ કરી ત્યારે એક સર્જકની ભાષા પરની પકડ અને લોકો સુધી પહોંચવાની શક્તિનાં દર્શન થયાં. ગુણવંત વ્યાસની આ સાતમી રમેશકથા છે અને આ પરંપરા હજુ પણ તેઓ ચાલુ રાખવાના છે ત્યારે પરિષદ વતી એમની આ અભિવ્યક્તિને બિરદાવતાં આનંદ થાય છે.

**– પ્રફુલ્લ રાવલ**

## પાક્ષિકી અંતર્ગત

તા. ૧-૫-૨૦૧૪ના રોજ હરીશ ખત્રીએ રમેશ દવેની 'આસમાની' વાર્તાનો

આસ્વાદ કરાવ્યો હતો જે રસપ્રદ હતો. વાર્તાની ખૂબીઓ વિશે સરસ રજૂઆત થઈ હતી. વાર્તાકાર પૂજા તત્સતે 'અવાજો' વાર્તાનું પઠન કર્યું હતું જેમાં વિવિધ અવાજો સાથે બંને બહેનોની મનઃસ્થિતિનું કલાત્મક રીતે આલેખન થયું હતું. વાર્તા ભાવકોને સારી રીતે સ્પર્શી ગઈ હતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદ જ્ઞાનપીઠ અંતર્ગત

ગુજરાતી સાહિત્ય પરિષદ જ્ઞાનપીઠ અંતર્ગત તા. ૧૭-૫-૨૦૧૪ના રોજ સાંજે ૭-૦૦ કલાકે રા. વિ. પાઠક સભાગૃહમાં ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સંગીત-નાટક અકાદમીના સહકારથી અભિનયસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી અભિનીત અને રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી લિખિત ચારણદંપતીના પ્રેમ-વિજોગની અમરકથા 'રતન ગિયું રોળ' અને સૌરાષ્ટ્રની રસધાર અંતર્ગત 'પોરહાવાળા'ની પ્રસિદ્ધ લોકવાર્તાના દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા કથાકથનની પરંપરાગત શૈલીમાં એકપાત્રીય મંચન કાર્યક્રમ યોજાયો હતો.

## અભિનંદન

શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરના પૂર્વ નિયામક હેઠળ ડૉ. રમેશ ર. દવેના માર્ગદર્શન. શ્રી ચારુ અધ્વર્યુએ 'ગુજરાતી આત્મકથામાં શૈશવ, કૈશોર્ય અને યુવાનીનું નિરૂપણ : એક અભ્યાસ' વિષય પર મહાનિબંધ તૈયાર કરીને પીએચ.ડી.ની પદવી મેળવી છે. તેમને અભિનંદન.

## રવીન્દ્રભવન અંતર્ગત

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૭-૫-૨૦૧૪ના રોજ રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે શ્રી સુજ્ઞા શાહ પ્રસ્તુત 'રવીન્દ્રસંગીત'નો કાર્યક્રમ ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયો હતો. જેમાં ગાયકવૃંદઃ સુચેતા રોય, રૂબી ચૅટરજી, શેફાલી નયન અને ઇપ્સિતા ચૅટરજીએ રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતોનું ગાન કરીને ઉપસ્થિત ભાવકોને રવીન્દ્રમય બનાવ્યા હતા.

## પરિષદના આગામી કાર્યક્રમો

### પાક્ષિકી અંતર્ગત

તા. ૫-૬-૨૦૧૪ના રોજ દીનાબહેન પંડ્યા વાર્તાપઠન કરશે. અને દીવાનભાઈ ગિરીશ ભટ્ટની વાર્તા 'સુગંધ'નો આસ્વાદ કરાવશે. સાંજે ૬-૦૦ કલાકે.

### વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત

તા. ૪,૧૧,૧૮-૬-૨૦૧૪ના રોજ સાંજે ૭-૦૦ કલાકે બુધસભા અને તા. ૨૫-૬-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન.

## ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ અને અનુવાદના અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગોનું સત્ર ૧૫ જુલાઈ, ૨૦૧૪થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫-૦૦થી ૭-૦૦ના સમય દરમિયાન લેવાશે.

સંપર્કસૂત્ર : કાર્યાલય : (૦૭૯) ૨૬૫૮૭૯૪૭

શ્રી ચંદ્રકાન્ત ભાવસાર મો. ૯૫૨૭૬૭૧૦૭૩

સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સની પાછળ, નદીકિનારે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

## સાહિત્યસભા ગાંધીનગરના ઉપક્રમે

ગાંધીનગર સાહિત્યસભા ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૯-૪-૨૦૧૪ના રોજ સાંજે સર્વશ્રી હરિકૃષ્ણ પાઠક, દોલત ભટ્ટ, ભાનુપ્રસાદ પુરાણી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. કેશુભાઈ દેસાઈ, કલ્પેશ પટેલ, રજનીકુમાર પંડ્યા, રાઘવજી માધડ, રમણ વાઘેલા, પ્રવીણ ગઢવી, વસંત ગઢવી અને ભરત 'કવિ'ની ઉપસ્થિતિમાં ડૉ. એસ. એસ. રાહીનો ગઝલપઠનનો કાર્યક્રમ યોજાયો હતો.

## 'પ્રશિષ્ટ કૃતિઓના વાચનનો આનંદ' વિશે શ્રી સંજય ભાવેનું વ્યક્તવ્ય

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી અંતર્ગત શ્રી સંજય ભાવેએ વિશ્વકોશના શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકરને અંજલિ આપતાં તેમના વાચનપ્રેમની વાત કરી હતી. એલ્ફિન્સ્ટન કૉલેજમાં ધીરુભાઈ ભણતા હતા ત્યારે એક નિબંધસ્પર્ધામાં તેમને બસો રૂપિયા ઇનામ મળ્યું હતું. તેમાંથી સો રૂપિયાના એમણે પુસ્તકો ખરીદ્યાં હતાં. ધીરુભાઈનાં સૂચિકાર્ય તેમજ ઇતિહાસલેખન પણ તેમના પ્રચંડ પુસ્તકપ્રેમનાં સાક્ષી છે. આ ઉપરાંત તેમણે 'પંચતંત્ર', 'સુદામાચરિત', 'દીપનિર્વાણ', 'ગરીબ પણ છીએ કેટલાં બધાં', 'વંચિતોના વાણોતર', 'એનિમલ ફાર્મ', 'શ્યામચી આઈ', 'વ્યક્તિ આણિ વલ્લી', 'ધરતીની આરતી' જેવી કૃતિઓનો પ્રશિષ્ટ કૃતિ તરીકે વ્યાખ્યાનમાં આસ્વાદ કરાવ્યો હતો.

## 'ઈશ્વર પેટલીકર'ના જન્મદિન નિમિત્તે પરિસંવાદ

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ 'ઈશ્વર પેટલીકર'ના જન્મદિન નિમિત્તે પરિસંવાદ તા. ૯-૫-૨૦૧૪ના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન યોજાયો હતો. આ સેમિનાર ત્રણ બેઠકમાં વહેંચાયેલો હતો. પ્રથમ બેઠક શ્રી ચંદ્રકાન્ત શેઠની અધ્યક્ષતામાં યોજાઈ હતી

જેમાં ચંદ્રકાન્ત શેઠે 'મારી નજરે : ઈશ્વર પેટલીકર' વિષય પર અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. મણિલાલ હ. પટેલે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે કર્યું હતું. બીજી બેઠક રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી જેમાં રમેશ ર. દવેએ નવલકથા 'જનમટીપ' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી દૃષ્ટિ પટેલે 'લોહીની સગાઈ' વાર્તા વિશે રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું. શ્રી અજયસિંહ ચૌહાણે ચરિત્રકાર પેટલીકર વિશે વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. ત્રીજી બેઠક વિષ્ણુભાઈ પંડ્યાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. વિષ્ણુ પંડ્યાએ 'પત્રકાર ઈશ્વર પેટલીકર' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે આ સેમિનારના સમાપન-વક્તવ્યમાં પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. આ બેઠકનું સંચાલન દીવાન ઠાકોરે કર્યું હતું અને મનીષ પાઠકે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સાહિત્યસંગમના ઉપક્રમે

સાહિત્યસંગમના ઉપક્રમે લેખક, પ્રકાશક, ચિંતક અને નગરબાપા શ્રી નાનુભાઈ નાયકના ૮૮મા જન્મદિન નિમિત્તે પાંચદિવસીય જીવનોત્સવ યોજાયો જેમાં વ્યક્તિસ્વાતંત્ર્ય, મારો જીવનઅધિકાર, જીવન ચલને કા નામ, હસતાં હસતાં જીવો - હાસ્યોત્સવ, જીવનસંઘર્ષમાં પણ આનંદ, સંગીત દ્વારા જીવનઆનંદ, રાગ પીલુની સરગમ જેવા વિષય પર તા. ૯-૫-૨૦૧૪થી તા. ૧૩-૫-૨૦૧૪ સુધીના પાંચ દિવસનું જીવનોત્સવનું આયોજન થયું હતું. તા. ૯-૫-૨૦૧૪ના રોજ અમેરિકન સિવિલ વૉર માટે નિમિત્ત બનેલી ને એક ગુલામની ડાયરી પર બનેલી કલાત્મક, ઓસ્કાર વિજેતા ફિલ્મ '૧૨યર્સ અ સ્લેવ'ની દૃશ્ય-શ્રાવ્ય રજૂઆત નરેશ કાપડિયાએ કરી હતી. તા. ૧૦મી મે ના રોજ 'નાનુ'માંથી 'નાનિયો', પછી, 'નાનુભાઈ', પછી 'મામા', પછી 'બાપા' ને આજે 'નગરબાપા' સુધી પહોંચનાર શ્રી નાનુભાઈ નાયકની જોસ્સેદાર જીવન-સંઘર્ષ-આનંદકથાની એમના જન્મદિવસે દૃશ્ય-શ્રાવ્ય સ્વરૂપે રજૂઆત થઈ હતી. તા. ૧૧મી મેના રોજ સર્વશ્રી યઝદી કરંજિયા, નયન દેસાઈ, રવીન્દ્ર પારેખ, દિલીપ મોદી, નરેન્દ્ર જોશી, બકુલેશ દેસાઈ, જયકુમાર દમણિયા, રમણભાઈ જરીવાળા વગેરેએ હાસ્યનિબંધ, કવિતા, જોક્સ-ટુચકાની રજૂઆત કરી હતી, અને પ્રબોધ જોશીલિખિત અને નરેશ કાપડિયા દિગ્દર્શિત નાટક 'તીન બંદર'માં અરૂક્ષા મજમુદાર, તરુણ-રશ્મિ પરીખ, અતુલ મજમુદાર ને સુરેન્દ્ર દલાલ જેવા સિનિયર સિટિઝન્સે નાટકમાં અભિનય કર્યો હતો. તેમજ 'લાગણીના ઘરમાં આપણે' નાટકની ભજવણી, જનક નાયક, દિલીપ ઘાસવાળા અને ચિંતન નાયકે કરી હતી. તા. ૧૨મી મેએ ઓસ્કાર વિજેતા ફિલ્મ 'હ્યુગો' પર દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ જનક નાયકે કર્યો હતો. તા. ૧૩મી મેએ ડૉ. સુનિલ મોદીએ પીલુ રાગનાં જુદાં જુદાં પાસાંની વાત કરી હતી અને બંદીશો રજૂ કરી હતી. તો સર્વશ્રી રત્નાબહેન જાદવાણી, પાયલ ભટ્ટ અને શીખા સોમૈયાએ ગીત અને ગઝલની પ્રસ્તુતિ કરી હતી.

આ ઉપરાંત આ રાગ પર આધારિત ફિલ્મોની ગીતોની ટેક પર રજૂઆત કરી હતી.

## ભાવનગર ગદ્યસભા આયોજિત ગદ્યકાવ્ય સ્પર્ધા

ભાવનગર ગદ્યસભા તરફથી આગામી જયંત પાઠક સ્મૃતિદિન નિમિત્તે ગુજરાતી ભાષાના તમામ સર્જકો માટે ગદ્યકાવ્ય સ્પર્ધાની ઘોષણા કરવામાં આવે છે. ભાવનગર ગદ્યસભા આયોજિત આ ગદ્યકાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સર્જકોએ સ્વરચિત, અપ્રગટ અને સંપૂર્ણ મૌલિક ગુજરાતી ગદ્યકાવ્ય તા. ૧૫-૬-૨૦૧૪ સુધીમાં અજય ઓઝા (ભાવનગર ગદ્યસભા), પ્લૉટ નં. ૫૮, મીરાપાર્ક, ‘આસ્થા’, અખિલેશ સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ – આ સરનામે મોકલવા વિનંતિ. શ્રેષ્ઠ ત્રણ ગદ્યકાવ્યોને પુરસ્કૃત કરવામાં આવશે. સ્પર્ધાના પરિણામ સુધી કૃતિ અપ્રગટ રાખવી. ભાવનગર ગદ્યસભાએ નીમેલ નિર્ણાયકોનો નિર્ણય સૌને બંધનકર્તા રહેશે. આ સ્પર્ધાના પરિણામ વિશે તેમજ ગદ્યસભાને લગતી અન્ય સાહિત્યિક વિગતો ભાવનગર ગદ્યસભાના બ્લોગ www.gadyasabha.wordpress.com પર જોઈ શકાશે.

## ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે યોજાયેલી દર્શક જન્મશતાબ્દી નિબંધ-સ્પર્ધા

ગુજરાત સાહિત્ય સભાએ શ્રી મનુભાઈ પંચોળી ‘દર્શક’ની જન્મશતાબ્દીની ઉજવણીના સંદર્ભે ગુજરાતવ્યાપી મહોત્સવ નિમિત્તે નિબંધ-સ્પર્ધાનું આયોજન કર્યું હતું. ઇતિહાસકાર દર્શક, લોકશાહી વિચારક દર્શક, કેળવણીકાર દર્શક અને નવલકથાકાર દર્શક – આ વિષયો પર નિબંધો મંગાવવામાં આવ્યા હતા જેમાં દર્શકના જીવન અને કવનના જુદા જુદા વિષયોને અનુલક્ષીને સ્પર્ધા રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આમાં સારી એવી સંખ્યામાં ભાગ લીધો હતો. આમાં પ્રથમ પારિતોષિક કાલિન્દીબહેન પરીખને, દ્વિતીય પારિતોષિક પન્નાબહેન એચ. દેસાઈને અને તૃતીય પારિતોષિક દિનેશભાઈ જોશીપુરાને પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત બીજાં પાંચ પ્રોત્સાહક પારિતોષકો આપ્યાં છે.

## રવીન્દ્ર પારેખને ધનજી કાનજી ચંદ્રક

ગુજરાત સાહિત્ય સભા ૧૯૮૩થી સાહિત્ય તેમજ અન્ય વિદ્યાઓમાં નોંધપાત્ર કામ કરતા સર્જક, વિવેચક, સંશોધકને ધનજી કાનજી ગાંધી ચંદ્રક પ્રદાન કરે છે. એ સંદર્ભે ૨૦૧૨નો ધનજી કાનજી ગાંધી ચંદ્રક રવીન્દ્ર પારેખને અર્પણ કરવાનું સભાની ૬-૫-૨૦૧૪ની બેઠકમાં ઠરાવવામાં આવ્યું છે. આગામી દિવસોમાં ચંદ્રક અર્પણવિધિનો કાર્યક્રમ યોજાશે તેની નોંધ લેવા વિનંતી.

થોડા વખત પર જ સૂરતની નર્મદ સાહિત્યસભાએ રવીન્દ્ર પારેખને નવલકથા ‘મનપ્રવેશ’ માટે નંદશંકર ચંદ્રક અર્પણ કર્યો હતો. તે પછીનો આ બીજો નોંધપાત્ર ચંદ્રક શ્રી પારેખને મળ્યો છે.